
નવેમ્બર ૨૦૧૫

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

માતા-પિતાના ઉપકાર તો ગણ્યા ગણાય એવા નથી. પણ એ આપણને યાદ ક્યા રહે છે? જેમ જેમ આપણે મોટા થતા જઈએ છીએ એમ એમ આપણે આપણી મરજી મુજબ રહેવાનું પસંદ કરીએ છીએ. એમના સલાહ-સૂચનો આપણને કચકચ લાગે છે. આપણને ક્યારેય વિચાર નથી આવતો કે શું આમ કરવામાં આપણું હિત છે?

તમામ ધર્મોએ તેમ જ પરમ પૂજ્ય દાદાશ્રીએ માતા-પિતા પ્રત્યેની આધિનતાનું ખૂબ મહત્વ બતાવ્યું છે. આપણને સમજાય કે ન સમજાય, પણ એમાં જ આપણું સર્વ પ્રકારે હિત સમાયેલું છે.

તો આવો, આ અંક વાંચીને આપણે પણ આપણા માતા-પિતાના ઉપકાર સમજીને એમને આધિન રહીએ અને એમને રાજી રાખીએ.

-ડિમ્પલ મહેતા



## આધિનતા માતા પિતા તણી

## અક્રમ એક્સપ્રેસ


**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૩
સળંગ અંક : ૮૭
**નવેમ્બર ૨૦૧૫**

**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
**email:akramexpress@dadabhagwan.org**
**Website:**
**kids.dadabhagwan.org**

**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



## દાદાજી કહે છે.....

પ્રશ્નકર્તા : મને મમ્મી-પપ્પા મારા સારા માટે કહે છે પણ તોય મને નથી ગમતું એવું કેમ થાય છે ?

દાદાશ્રી : ડૉક્ટર કડવી દવા આપે તો એ પીવી ગમે ?

પ્રશ્નકર્તા : ના ગમે, પણ લેવી તો પડે જ ને.

દાદાશ્રી : એવું આય લેવી જ પડે. ના ગમે તોય પીવી પડે. આપણે શરીર સુધારવું હોય તો પીવી અને ના સુધારવું હોય તો નહીં. કહી દેવું કે એક શબ્દેય તમે કહેશો નહીં અમને આજથી.


પ્રશ્નકર્તા : દરેક વખતે મા-બાપ સાચા જ હોય છે ?

દાદાશ્રી : સાચા જ માની લેવાનાં. ફાધર-મધર જે કંઈ કહે, એની ઉપર છોકરાઓએ કંઈ વિચાર કરવાના ન હોય. કારણ કે એ અનુભવી છે અને તમને હજુ સમજણ નથી. અને તમે મા-બાપને માપવા જાવ તો શું થાય ? જે મા-બાપને ગમતું ના હોય એ કરાય જ નહીં. તેઓ હંમેશા છેકરાઓનું હિત જૂએ. મા-બાપને ગમે, એ રીતે છોકરાઓએ વર્તવું અને એમના આધિન જ રહેવું જોઈએ. છોકરાઓ મા-બાપને આધિન વર્ત્યા કરે, ન ગમે તોય આધિન વર્ત્યા કરે તો એને શાંતિ વળે, સુખ થાય મહીં.

પ્રશ્નકર્તા : દાદા, ઘણી વાર એવું થાય કે મારી કંઈ ભૂલ જ નથી. એમનો જ વાંક છે, એવું લાગે. એમ થાય કે એમને કચકચ કરવાની ટેવ જ પડી ગઈ છે.

દાદાશ્રી : એવું લાગે તો પ્રતિક્રમણ કરવું. જે માણસ મા-બાપનો દોષ જુએ, એમનામાં કોઈ દા'ડો ભલીવાર જ ના આવે. પૈસાવાળો થાય વખતે, પણ એની ઉન્નતિ ક્યારે પણ ના થાય. મા-બાપનો દોષ જોવાય નહીં. આપણા થકી એમને દુઃખ ન જ થવું જોઈએ. કોઈએ ચા પાઈ હોય તો ઉપકાર ભૂલાય નહીં, તો મા-બાપનો ઉપકાર તો ભૂલાય જ શી રીતે ? એમણે જન્મ આપ્યો, આવડા મોટા કર્યા, ખવડાવ્યું, પીવડાવ્યું, તબિયતનું ધ્યાન રાખ્યું. એ અવળું બોલે તો આપણે જતું કરવાનું કારણકે મોટા છે ને ! મા-બાપનો જો ગુણ માને છોકરાઓ કે મા-બાપે આપણને અવતાર આપ્યો છે ને એ અવતાર મોક્ષને માટે લાયક છે, તો આવો ઉપકાર ભૂલે નહીં.

# સુપર પ્રાઈઝ



"રાઘવ, અમે બહાર જઈએ છીએ. બે કલાકમાં આવી જઈશું. તારું હોમવર્ક પતાવી દેજે. થોડી ક્ષણો થોભીને મમ્મીએ પૂછ્યું, "તુ સાંભળે છે ને મારી વાત?"

પણ રાઘવ તો ટી.વી. જોવામાં એટલો બધો મશગુલ હતો કે મમ્મીનો એક પણ શબ્દ એના કાનમાં પડ્યો નહોતો. રાઘવનું ધ્યાન દોરવા મમ્મીએ ટી.વી. ઓફ કર્યું.

રાઘવ એકદમ ભડક્યો, "શું કરે છે મમ્મી ? કેટલો સરસ પ્રોગ્રામ ચાલતો હતો."

"કયો પ્રોગ્રામ તારા માટે સરસ નથી હોતો ?" મમ્મીએ કડક શબ્દોમાં કહ્યું, "ટી.વી જોવામાં તું એવો ખોવાઈ જાય છે કે તને આજુબાજુનું કશું ધ્યાન જ નથી રહેતું. હવે મારી વાત ધ્યાનથી સાંભળ. અમે લોકો બહાર જઈએ છીએ. અમે આવીએ ત્યાં સુધીમાં તારું હોમવર્ક પતાવી દેજે. તારા રૂમનો પથારો સાફ કરી લેજે, અને હા, ઘરની બહાર નહીં જતો."

"ઓ.કે, ઓ.કે, હવે મને રીમોટ પાછું આપ" એમ કહી રાઘવે ફરી ટી.વી ઓન કર્યું.

રાઘવનું આવું વલણ જોઈ, મમ્મીને થોડી નિરાશા થઈ. પણ, એમને બહાર જવાની ઉતાવળ હતી. એટલે આગળ કંઈ પણ બોલ્યા વગર તેઓ પર્સ ખભે ચડાવીને બહાર નીકળી ગયા.

જેવો મમ્મીએ ઘરની બહાર પગ મુક્યો કે રાઘવે એક જાતની મુક્તતા અનુભવી. એ સોફા પર લાંબો થયો અને ટી.વી.નો અવાજ મોટો કર્યો.




ત્યાં તો ફોનની ઘંટડી વાગી. સુતા સુતા જ એણે ટેબલ સુધી હાથ લંબાવ્યો અને ફોન ઉટાવ્યો.

"હાય રાઘવ, પ્રણવ બોલુ છું." પ્રણવના અવાજમાં એક જુદી જ પ્રકારને રણકાર હતો, "મારા ડેડી મારા માટે એક સુપર-કુલ વિડિયો ગેમ લાવ્યા છે. તુ મારા ઘરે આવ ને!"

"ઓહ રીયલી, હું પાંચ જ મિનીટમાં આવ્યો." એમ કહી રાઘવ સોફા પરથી સફાળો બેઠો થયો અને ઘરને તાળુ માર્યા વગર જ બહાર દોડ્યો.

લગભગ બે કલાક નીકળી ગયા. વિડિયો ગેમ રમવામાં રાઘવને સમયનો ખ્યાલ જ ના રહ્યો. પાછો ફર્યો ત્યારે મમ્મી પપ્પાનાગંભીર ચહેરાઓ જોઈને એના હૃદયમાં ફાળ પડી. ટી.વી 'ઓન' રાખીને, ઘર લોક કર્યા વગર જ એ બહાર નીકળી ગયો હતો.

પોતાના તરફથી રાઘવ કોઈ પણ બચાવ કરે એ પહેલા જ પપ્પા બોલ્યા, "આજથી તારું ટી.વી બંધ. મેં બધી જ ચેનલ્સ લોક કરી દીધી છે. જ્યાં સુધી તારા વર્તનમાં મને સુધારો નહીં લાગે, ત્યાં સુધી તારું ટી.વી જોવાનું બંધ."



'પણ પપ્પા.....,"

રાઘવની કોઈ પણ દલીલ સાંભળવા પપ્પા તૈયાર નહોતા, "પણ-બણ કંઈ નહીં. હવે તારો એક પણ શબ્દ મારે નથી સાંભળવો. તારું હોમવર્ક પતાવી, રૂમ સાફ કરીને સુઈ જા."

આ વાતને લગભગ બે અઠવાડિયા વીતી ગયા. રાઘવને ટી.વી જોવાની પરમીશન નહોતી પણ રેડિયો સાંભળવાની છૂટ હતી. એક સાંજે રેડિયો સાંભળતા સાંભળતા એ પોતાનું હોમવર્ક કરી રહ્યો હતો, ત્યાં તો મમ્મીએ એના રૂમનો દરવાજો ખખડાવ્યો, "રાઘવ, અમે બહાર જઈએ છે. અમે પાછા આવીએ ત્યાં સુધી અનિરુદ્ધ તારું અને ઘરનું ધ્યાન રાખશે."

"વ્હોટ! મમ્મી, શું હું બેબી છું કે તમે મારા માટે બેબી-સીટર મૂકીને જાઓ છો?" રાઘવ અકળાઈ ગયો.

"બેટા, તને તારી જવાબદારીનું ભાન હોત તો અમારે આવું ના કરવું પડત." એમ કહી મમ્મી રૂમની બહાર નીકળી ગયા.

અનિરુદ્ધે રાઘવ સાથે બે-ચાર વાતો કરી અને પછી લીવીંગ-રૂમમાં જઈને પોતાની બુક વાંચવા લાગ્યો. થોડીવાર રહીને એ રાઘવની રૂમમાં ગયો ત્યારે રાઘવ ચોપડીઓ બંધ કરી મોટા અવાજે રેડિયો સાંભળી રહ્યો હતો.

"શું કરે છે રાઘવ? હોમવર્ક પતી ગયું?" અનિરુદ્ધે બારણા પાસે ઉભા રહીને પૂછ્યું.

"ઓહ યેસ." અનિરુદ્ધની સામે જોયા વગર જ રાઘવે જવાબ આપ્યો.

"રાઘવ, તને એક વાત કહું.....

અનિરુદ્ધનું વાક્ય વચ્ચેથી જ કાપીને રાઘવ બોલ્યો, "એક મિનીટ, એક મિનીટ..... સાંભળ્યું તમે? રેડિયો પર એનોઉન્સરે કહ્યું કે આજે 'સુપર-પ્રાઈઝ ડે' છે. આ પ્રોગ્રામ સાંભળનારાને એક સુપર પ્રાઈઝ મળવાનું છે. યાહુ!" રાઘવે રેડિયોનું વોલ્યુમ વધુ લાઉડ કરી દીધું.

ત્યાં તો ફોનની ઘંટડી વાગી. ફોન લેવા અનિરુદ્ધ બહાર ગયો. એક મિનિટ પછી એ રાઘવના રૂમમાં ફરી આવ્યો.

"કોનો ફોન હશે બોલ" સસ્પેન્સ પેદા કરતા અનિરુદ્ધ બોલ્યો.

રાઘવે અનિરુદ્ધની સામે જોઈને પૂછ્યું, "શું થયું?"

"રેડિયો સ્ટેશન પરથી ફોન હતો. તને સુપર પ્રાઈઝ મળ્યું છે." રાઘવ સાથે હાથ મિલાવવા હાથ લંબાવતા અનિરુદ્ધે કહ્યું.

"આર યુ સીરીયસ?" અનિરુદ્ધ સાથે હાથ મિલાવતા આશ્ચર્યથી રાઘવે પૂછ્યું.

"હાસ્તો! પંદર વર્ષ માટે એ લોકો તારો બધો જ ખર્ચો ઉઠાવવાના છે. એટલું જ નહીં, તને રહેવા માટે એક ઘર પણ મળવાનું છે!" પ્રાઈઝનું વર્ણન કરતાં, અનિરુદ્ધે કહ્યું.

"વાઉ!" રાઘવ પલંગ પર કુદકા મારવા લાગ્યો. પછી કંઈક યાદ આવતા એણે પૂછ્યું, "પણ મને મારું પ્રાઈઝ મળશે કેવી રીતે?"

"પ્રાઈઝ આપવા એ લોકો પાંચ દસ મિનીટમાં જ ઘરે આવી રહ્યા છે." અનિરુદ્ધે કહ્યું.

"શું વાત કરે છે? હું આટલો લકી હોઈશ એવી મને ખબર જ નહોતી." રાઘવનો હર્ષ સમાતો નહોતો. પ્રાઈઝ આપનાર પર સારી છાપ પાડવા એણે ફટાફટ ઘર સાફ કરી નાખ્યું અને પોતે પણ સરસ તૈયાર થઈ ગયો.

ત્યાં તો ડોરબેલ વાગી. રાઘવના મોઢા પર એક મોટી સ્માઈલ હતી. એક સિપાહી હોંશિયાર થઈને ઉભો રહે, એમ રાઘવ બારણા પાસે ટટાર ઊભો રહી ગયો. બારણું ખુલ્યું, અને રાઘવના મમ્મી-પપ્પા અંદર આવ્યા.



રાઘવે તાકીને અનિરુદ્ધ સામે જોયું. અનિરુદ્ધે હળવેથી એના કાનમાં કહ્યું, "આમણે જ તો તને રહેવા માટે ઘર આપ્યું છે, તને ખાવાનું આપે છે, કપડાં આપે છે, તને ભણાવે છે, તું માંદો હોય ત્યારે તારી ચાકરી કરે છે અને આ બધું જ ફ્રી ઓફ કોસ્ટ ! એ સુપર પ્રાઈઝ નહીં તો બીજું શું કહેવાય ?"

આ સાંભળીને રાઘવને ઝબકારો થયો કે 'અનિરુદ્ધ સાચું જ કહી રહ્યો છે. મમ્મી-પપ્પાની કદર એણે ક્યારેય નહોતી કરી.' આજે અનિરુદ્ધની વાત સાંભળીને એને ખ્યાલ આવ્યો કે એ જન્મ્યો ત્યારથી જ એના મમ્મી-પપ્પાએ એની બધી જ જરૂરિયાતો પૂરી કરી હતી. પણ, એણે ક્યારેય એમની દરકાર નહોતી કરી કે એમનું કહ્યું માન્યું નહોતું.

ત્યાં તો ઘરમાં ચારેકોર નજર ફેરવી મમ્મી બોલ્યા, "અરે વાહ મારા દીકરા ! તે તો ઘર એકદમ સાફ કરી દીધું છે !. થેંક યુ બેટા ! આજે તો મારો લકી ડે કહેવાય !"


મમ્મીનું વાક્ય પૂરું થાય એ પહેલા જ રાઘવ જઈને મમ્મીને વળગી પડ્યો, "મમ્મી, હું પણ ખૂબ જ લકી છું !"

અચાનક રાઘવમાં આવેલા આવા બદલાવને જોઈને મમ્મીને નવાઈ લાગી. એક આછા સ્મિત સાથે પાછળ ઉભેલા અનિરુદ્ધે રાઘવમાં આવેલા બદલાવને વધાવી લીધું.

# કડવી દવા



૧૯૪૫ની આ વાત છે. જાપાનનું એક નાનું સરખું ગામ હતું. તેમાં એક યુવાન એના પિતાજી સાથે ખેતીવાડીનું કામ કરતો.
એક વહેલી સવારે બળદગાડીમાં બધી ફસલ ભરી, પિતા-પુત્ર નજીકના શહેરમાં પોતાની ફસલ વેચવા નીકળ્યા. મુસાફરી લાંબી હતી.
બળદને ઝડપથી ચલાવવા માટે યુવાને એને એક ચાબુક મારી.
દીકરા, આટલી બધી ઉતાવળ કેમ કરે છે ? અને આટલું જોરથી મારવાથી બળદને કેટલું દુઃખ થાય?
પિતાજી, દરેક બાબતમાં મને ટોકવાનું બંધ કરો. આપણે જલદી પહોંચીશું તો જ આપણને આપણી ફસલની સારી કિંમત મળશે.
થોડો સમય વીત્યો,
દીકરા, કાકાનું ઘર નજીક જ છે. ચાલ, આપણે એમને થોડીવાર મળી આવીએ.
ના, મારે એમને નથી મળવું. એ બહુ કચકચિયા છે.



દીકરા, વડીલોનો વિનય કરવો જોઈએ. આપણા જેવા સંસ્કારી લોકોને આવી ભાષા ન શોભે.
તમારી શિખામણો સાંભળીને હું કંટાળી ગયો છું. ચાલો ઝટ અને હવે ગાડું તમે હાંકો. હું થાકી ગયો છું.
એક ચાર રસ્તે, પિતાજીએ ગાડાને જમણી બાજું વાળ્યું.
આ શું કરો છો તમે ? ડાબી બાજુ વળવાનું હતું.
મને ખ્યાલ છે દીકરા. પણ આ બાજુ રસ્તો વધુ સુંદર છે.
તમને સમયની જરાય કદર નથી ?
દીકરા, મને સમયની ખૂબ જ કદર છે અને તેથી જ હું દરેક પળને માણવા માંગુ છું. તું પણ એ શીખે એમ હું ઈચ્છું છું.
યુવાન તો ધુઆંપુઆ થઈ ગયો.
તમને પૈસા બનાવવા કરતા કુદરતી સૌંદર્ય માણવામાં વધુ રસ છે. તમારી સાથે હવે ફરી હું ક્યારેય મુસાફરી નહીં કરું.
સુર્યાસ્ત થઈ ચુક્યો હતો. પિતાજીથી હવે લાંબું ખેંચાય તેમ નહોતું. એક સુંદર મજાના બગીચામાં પિતા-પુત્રે રાત ગુજારી.


સૂર્યોદય થતાં જ યુવાને પિતાજીને ઢંઢોળીને ઉઠાડ્યા. અને પિતા-પુત્ર નીકળી પડ્યા.
રસ્તામાં એક ખેડૂત પોતાના ગાડાને ખાડામાંથી બહાર કાઢી રહ્યો હતો.
દીકરા, ચાલ આપણે એ ખેડૂતની મદદ કરીએ.
અને, વધુ સમય ખોઈએ ? કંઈ જરૂર નથી.
દીકરા, ક્યારેક તું ખાડામાં પડીશ તો તને પણ મદદની જરૂર પડશે.
એમ કહી પિતાજી મદદ કરવા ઉતર્યા.
પિતાજી પાછા ફર્યા ત્યાં તો આકાશમાં મોટો ઝબકારો થયો. વીજળીના કડાકા જેવો એક મોટો ગડગડાટ સંભળાયો.
લાગે છે શહેરમાં વરસાદ પડી રહ્યો છે.
જોયું ? તમે ઉતાવળ કરી હોત તો અત્યાર સુધીમાં આપણે માલ વેંચીને પાછા ફરી ચુક્યા હોત.



બપોર પડી. એક ડુંગર પર ચડીને પિતા-પુત્રે શહેર તરફ નજર નાખી. શહેરમાં છવાયેલા પ્રલયનો નજારો જોઈને બંને અવાચક બની ગયા.
થોડી ક્ષણો ચુપકીદી છવાઈ ગઈ. આકાશમાં થયેલા કડાકા અને ઝબકારાનું રહસ્ય ખુલ્યું. એક વખતનું હિરોશીમા શહેર એટમબોમ્બ વિસ્ફોટના કારણે ઉજ્જડ બની ગયું હતું.
પુત્રે પિતાજીના ખભે હાથ મૂક્યો,
પિતાજી, મને માફ કરી દો. તમારી શિખામણો મને કડવી લાગતી હતી પણ અત્યારે સમજાયું કે એ તો ખરેખર કડવી દવા સમાન હિતકારી હતી. જો તમારા કહ્યા કરતા ઉંધો ચાલ્યો હોત, તો આજે મારો વિનાશ નિશ્ચિત હતો.
પિતાએ પુત્રના ખભે હાથ મૂક્યો અને પિતા-પુત્ર પોતાના ગામ તરફ પાછા વળ્યા.

# ચાલો રમીએ...

**૧** આપેલા ચિત્રમાંથી નીચે દેખાડેલી વસ્તુઓ શોધો.





**૨** કોઈ પણ ૬ દિવાસળી ખસેડીને **Ten** બનાવો.




૩

બાજુમાં આપેલા ચિત્રમાં બોલ અને ડ્રેગન વચ્ચે એવી પાંચ રેખા દોરો જેથી બન્ને ચિત્ર છુટા પડી જાય.



૪ વચ્ચે આપેલા 'I' નો ઉપયોગ કરી ચારે ચોકઠામાં એક-એક સ્પેલિંગ બનાવો.






# જીવંત ઉદાહરણ (૧)

નવેમ્બર ૧૬, ૨૦૧૩ના દિવસે સચિન તેંડુંલકરે ક્રિકેટની દુનિયામાંથી નિવૃતિ લીધી. પોતાની ફેરવેલ સ્પીચમાં એમણે તે સર્વેને યાદ કર્યા, જેમનું યોગદાન તેમના જીવનમાં બહુ મહત્વનું હતું. સચિનની લાગણી સભર ફેરવેલ સ્પીચ સાંભળીને સ્ટેડીયમમાં જ નહીં, પણ ટી.વી. પર પણ નિહાળી રહેલા કરોડો ફેન્સ ભાવુક થઈ ગયા હતા.

સૌ પ્રથમ, પિતા રમેશ તેંડુંલકર વિશે સચિને કહ્યું, 'મારી જિંદગીમાં સહુથી મહત્વપૂર્ણ વ્યક્તિ મારા પિતા છે. ૧૯૯૯થી મેં એમની કમી ખૂબ જ મહસૂસ કરી છે. એમના ગાયડન્સ વગર કદાચ હું આપની સમક્ષ ન ઊભો હોત. અગિયાર વર્ષની ઉંમરથી તેઓએ મને સ્વતંત્રતા આપી હતી કે હું મારા સ્વપ્ન માટે દોડું. પણ સાથે સાથે એ સૂચન પણ કર્યું હતું કે હું ક્યારેય શોર્ટકટનો ઉપયોગ ન કરું. રસ્તો અઘરો હોય તો પણ કદી હિંમત ના હારું. મેં હંમેશા એમના સૂચનોને અનુસરણ કર્યું. જ્યારે પણ મેં કોઈ ખાસ ઈનિંગ રમી અને બેટ હવામાં ઉપર કર્યું, તો તે મારા પિતા માટે હતું.'

ત્યાર બાદ સચિને પોતાની માતાને યાદ કરી. એમણે કહ્યું કે 'મારા જેવા તોફાની બાળકને સંભાળવું સહેલું ન હતું. પણ મારી માતામાં ખૂબ જ ધીરજ હતી. એક માતા માટે સહુથી મહત્વની વાત એ છે કે એનું બાળક તંદુરસ્ત અને સુરક્ષિત રહે. મારી માતાને પણ હંમેશા મારી તબિયતની ફિકર રહેતી. ઈન્ડિયા માટે હું છેલ્લા ચોવીસ વર્ષ ક્રિકેટ રમ્યો. આ સમય દરમ્યાન એમણે મારી સંભાળ રાખી છે. પણ એથી પહેલા, જ્યારથી મેં ક્રિકેટ રમવાનું શરૂ કર્યું, ત્યારથી તેઓ મારા માટે પ્રાર્થના કરતા. એમના આશીર્વાદ અને પ્રાર્થના વડે, આજે મને આ સ્થાને પહોંચવાની શક્તિ મળી છે.'

આ ઉપરાંત, જે જે વ્યક્તિઓએ એમની જિંદગીમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો, તે સર્વેના એમણે દિલથી ઉપકાર માન્યા હતા.

મિત્રો, સચિન તેંડુલકર જેવા મહાન અને સફળ ક્રિકેટરે એમની સફળતાનો સૌથી મોટો શ્રેય એમના પેરેન્ટ્સને જ આપ્યો. પોતાના પિતાએ આપેલા અમૂલ્ય સંસ્કારો તેમણે હૃદયમાં હંમેશા સાચવી રાખ્યા. માતાના આશીર્વાદ અને પ્રાર્થના વડે તેઓ સફળતાની સીડી ચઢ્યા.

મિત્રો આપણા જીવનમાં પણ આપણા માતા-પિતાનો અમૂલ્ય ફાળો છે પણ અગત્યનું એ છે કે આપણે એ યોગદાનને ઓળખીએ અને તેના પ્રતિ કૃતજ્ઞ બનીએ. તો ચાલો, આજે આપણે પણ નક્કી કરીએ કે આપણે આપણા પેરેન્ટ્સના કહ્યા પ્રમાણે ચાલીશું અને એમને રાજી રાખીશું.



# (૨)

રિચર્ડ ઓલરેડ, જે અમેરિકાના એરફોર્સ ઓફિસર રહી ચુક્યા છે, એમણે પોતાના એક ઈન્ટરવ્યુમાં માતા-પિતાની આધિનતામાં રહેવાનો એક સુંદર પ્રસંગ કહ્યો.

જ્યારે રિચર્ડ ઓલરેડના પિતાજી, એલ્વુડ ઓલરેડ નાના હતા ત્યારે તેઓ પોતાના મમ્મીને ઘરકામમાં મદદ કરતા. એકવાર મમ્મીના કહ્યા પ્રમાણે તેઓ અનાજના કોઠારમાંથી અનાજ લેવા ગયા. એલ્વુડ બહાર નીકળવા જતા હતા, ત્યારે તેમને મમ્મીનો અવાજ સંભળાયો, "એલ્વુડ, તું જે રસ્તેથી અંદર ગયો, તે રસ્તેથી બહાર ના આવીશ. બીજા દરવાજાથી બહાર નીકળજે."

"પણ, મમ્મી...," એલ્વુડે થોડી આનાકાની કરી, "બીજો રસ્તો અંધારિયો છે અને ત્યાં કરોળિયાના જાળા જામી ગયા છે."

"દીકરા, મારું કહ્યું માન." મમ્મીએ જવાબ આપ્યો.

મમ્મીના કહ્યા પ્રમાણે એલ્વુડ અંધારિયા રસ્તેથી ચાલીને બીજા દરવાજેથી બહાર નીકળ્યા. ત્યાં એમના મમ્મી આવીને એમને વળગી પડ્યા, "થેંક યુ દીકરા. તે મારું કહ્યું માન્યું."

પછી એલ્વુડનો હાથ પોતાના હાથમાં લઈ મમ્મી બોલ્યા, "મારે તને કંઈક બતાવવું છે." એમ કહી મમ્મી એલ્વુડને એ જગ્યાએ લઈ ગયા, જ્યાંથી એલ્વુડ બહાર નીકળવાના હતા. તે જગ્યાએ ઝેરી સાપને જોઈને એલ્વુડ ખૂબ જ ભયભીત બની ગયા. તે દિવસે મમ્મીનું કહ્યું માની એલ્વુડે કદાચ પોતાની જાન બચાવી હતી.

રિચર્ડ ઓલરેડ આ પ્રસંગનું વર્ણન કરતા કહે છે કે "હું નાનો હતો, ત્યારે આ વાત મારા પિતાજીએ મને કહેલી. મમ્મી-પપ્પાના કહ્યા પ્રમાણે કરવાનું મહત્વ મને નાનપણથી જ સમજાઈ ગયું હતું. હું હંમેશા મારા મમ્મી-પપ્પાના કહ્યા પ્રમાણે કરતો, કારણ કે હું જાણતો હતો કે તેઓ મારાથી વધુ સમજણ ધરાવે છે, મને પ્રેમ કરે છે અને મારું હિત જ ઈચ્છે છે."

# ઐતિહાસિક ગૌરવગાથા



ઘણાં જૂના સમયની વાત છે. એક રાજાને ઘણા પુત્રો હતા પણ પુત્રી એક પણ ન હતી. તેણે ઘણી માન્યતાઓ અને બાધાઓ રાખી. આખરે આ બધું તેને ફળ્યું. એક પુત્રીનો તેના ઘરે જન્મ થયો. તેનું નામ લક્ષ્મણા રાખ્યું. ખૂબ જ લાલન-પાલનથી તેનું બાળપણ પૂરું થયું અને તે યુવાન થઈ.

લક્ષ્મણા યુવાન થતાં રાજાએ તેના માટે સ્વયંવર રચ્યો. સ્વયંવર મંડપમાં લક્ષ્મણા વરમાળા લઈ ફરતી ગઈ અને એક ઈચ્છિત વરને વરમાળા પહેરાવી. રાજાએ ખૂબ ધામધૂમથી લગ્નમહોત્સવ કર્યો. લગ્નની વિધિ થઈ. વર-કન્યા ચોરીમાં મંગળ ફેરા ફરી રહ્યા હતા અને ત્યાં જ અચાનક વરનું મૃત્યુ થયું.

લક્ષ્મણા તો અવાક થઈ ગઈ. તેને ખૂબ જ આઘાત લાગ્યો. "આવો-સંસાર !" એમ વિચારતાં તેનું મન સંસાર ઉપરથી ઊઠી ગયું. વૈરાગ્ય પામતાં એણે દીક્ષા લીધી.

દિવસો વીતવા લાગ્યા. લક્ષ્મણા સાધ્વીજી ઘણી જ સારી રીતે દીક્ષા પાળી રહ્યા હતા.

એક દિવસ તેઓ એક ખૂણે ઊભા હતા. ત્યાં એમણે સામેના ઝાડ પર એક ચકલા-ચકલીને ગેલ કરતાં જોયાં. એ દૃશ્ય જોઈને સાધ્વી લક્ષ્મણામાં રહેલી વાસનાની વૃત્તિઓ સળવળી ઊઠી. એમને લગ્નજીવન માણવાનો વિચાર આવ્યો.

પણ તરત જ બીજી પળે તેઓ સાવધાન થઈ ગયાં. પોતાને આવેલા ખોટા વિચાર પર પસ્તાવો કરવા લાગ્યાં, અરેરે ! મેં ખૂબ જ ખોટો વિચાર કર્યો. ન વિચારવાનું વિચાર્યું. મારાથી આ એક મહાપાપ થઈ ગયું. મારે તેની આલોચના કરવી જોઈએ. પણ મને આવો કામી વિચાર આવ્યો તે તો હું કહી શકું તેમ નથી અને ન કહું તો એ દોષ રહી જશે. અને એ દોષ ધોયા વગરનો રહી જશે તો હું શુદ્ધ નહીં થાઉં.

ઘણા વિચારને અંતે તે ગુરૂ પાસે આલોચના કરવા ગયા. ચાલતાં ચાલતાં એમને રસ્તામાં પગમાં કાંટો વાગ્યો. એ અપશુકનથી સાચી વાત ગુરૂને કહી દેવા તૈયાર થયેલું મન પાછું પડ્યું. છેવટે એમણે બીજાનું નામ દઈને પૂછ્યું, "ગુરૂદેવ ! જે આવું દુધ્યાૅન કરે તેને શું પ્રાયશ્ચિત આવે ?

ગુરૂજીએ સ્પષ્ટતા કરવા કહ્યું પણ તે ન કરી શક્યાં. ગુરૂ પાસેથી એમણે પ્રાયશ્ચિત જાણી લીધું અને તે પ્રમાણે એમણે પચાસ વરસ સુધી તપ કર્યાં. પણ સત્ય વાત છૂપાવી તેથી તેમનો આત્મા વિશુદ્ધ ન થયો અને તેમનો મોક્ષ અટકી ગયો. ઘણા અવતાર ભટક્યા પછી તેઓ મોક્ષે જશે.

જોયું મિત્રો, ગુરુ પાસે સત્ય વાત છૂપાવવાનું પરિણામ.



# અને છેલ્લે છેલ્લે...

એક યુવાન એના વૃદ્ધ માતા-પિતાને મૂકવા માટે વૃદ્ધાશ્રમમાં ગયો. આ યુવાન ખૂબ ભણેલો, ગણેલો અને સુખી, સમૃદ્ધ હતો. એના પિતાજીએ પોતાની તમામ સંપત્તિ આ દિકરાના નામે કરી દીધી હતી. એમણે દિકરાને બાળપણમાં ખૂબ લાડ લડાવેલા, એટલે દીકરો પણ વૃદ્ધાવસ્થામાં એમને એવા જ લાડ લડાવશે એવી એના મા-બાપને દિકરા પાસે અપેક્ષા હતી.

મા-બાપે એ એકના એક દિકરાના લગ્ન પણ ખૂબ ધામધૂમથી કર્યા હતા. પરંતુ એ જ દિકરો અને એની પત્નીને હવે બા-બાપુજીની ઘરમાં સતત હાજરી ખૂંચતી હતી, એટલે એમને વૃદ્ધાશ્રમમાં મૂકવા માટેનું નક્કી કર્યું. માતા-પિતાએ દિકરાની વાત કોઈ પણ જાતની આનાકાની વગર સ્વીકારી લીધી.

આજે દિકરો, એની પત્ની સાથે બા-બાપુજીને મૂકવા માટે વદ્ધાશ્રમમાં આવ્યો હતો. વદ્ધાશ્રમમાં આવીને દિકરો અને તેની પત્ની મેનેજરની ઓફિસમાં ગયા. બા-બાપુજી ઓફિસની બહાર બેઠાં. આશ્રમમાં રહેવા માટેની તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને દિકરો-વહુ હરખાતા હરખાતા મેનેજરની સાથે એની ઓફિસની બહાર આવ્યા. યુવાનના માતા-પિતા નીચું માથું રાખીને બેઠાં હતા. મેનેજરે બહાર આવીને એમને જોયા એટલે મેનેજરે તરત જ કહ્યું, "અરે શેઠ સાહેબ, આપ અહીંયા?"

દિકરાએ આ સાંભળ્યું. એણે મેનેજરને પૂછ્યું, "તમે બાપુજીને ક્યારથી ઓળખો છો?"

મેનેજરે કહ્યું, "છેલ્લા વીસ વર્ષથી જ્યારે એ અમારી પાસે એક અનાથ બાળકને દત્તક લેવા આવ્યા હતા."

"શું?" દિકરાના મોઢામાંથી શબ્દો સરી પડ્યા.

મેનેજરે કહ્યું, "આ માણસ તો માનવતાનો મસીહા છે. અમારા અનાથાશ્રમનો એક બાળક અનેક પ્રકારના રોગોથી પીડાતો હતો. આ ભલા માણસે બીજા સારા છોકરાંને દત્તક લેવાને બદલે એ રોગીષ્ટ છોકરાને દત્તક લીધો. એ છોકરાંની સારવાર પાછળ એમણે લાખો રૂપિયા ખર્ચી નાખ્યા અને છોકરાંને રોગ મુક્ત કર્યો. એમણે એ છોકરાંને ક્યારેય જાણ થવા ન દીધી કે એને અનાથાશ્રમમાંથી દત્તક લાવવામાં આવ્યો છે."

વાત સાંભળીને યુવાનનું માથું શરમથી ઝૂકી ગયું.

દત્તક લીધેલા બાળકને પણ મા-બાપ સગા બાળકની જેમ ઉછેરે છે, એ મા-બાપનું જીવનમાં શું મૂલ આંકવું?

# જવાબો

૧




૨



૩



૪




# પૂજ્યશ્રી સાથે બાળકો











Akram Express

November 2015
Year : 8, Issue : 3
Conti. Issue No.: 87

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month









<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.